ફોજદારી કેસ નંબર 133073-2023

આક ૧ નુ સાંધણ

ઠરાવ

૧.આ કામના આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે જે કામે આરોપી હાજર થતા સદરહૂ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનુ તથા ગરીબ કુટુબકબીલાવાળા માણસ હોવાનુ જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે.

૨. આરોપી જણાવે છે કે, ભુલથી સદર બનાવ બનેલ છે. હવે હુ ટ્રાફિક ને અડચણ થાય તેવુ કૃત્ય નહી કરૂ જે અન્વયે મને માફ કરશોજી, અને આરોપી દ્બારા જણાવવામાં આવેલ છે કે, '' હુ આ કામે હવે બીજી વખતે ભુલથી પણ આવો ગુનો નહિ કરૂ, અને તે ખાત્રી આપુ છુ, વધુમાં આપ સાહેબને હુ જાહેર કરૂ છુ કે, અગાઉ મે આ મુજબના ગુનામાં સંડોવાયેલ નથી અને આ મુજબ ના ગુનામાં સજા કરવામાં આવેલ નથી" વધુમાં આરોપીને સજા અંગેની જોગવાઈની સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુન્હો કબુલ કરતા હોય, આરોપીની કબુલાત સ્વૈચ્છીક જણાઈ આવે છે.

૩. કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં લેતા, આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચીત જણાય છે. જેથી આરોપીને સુધરવાની તક મળે તે હેતુથી અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

**– હુ ક મ –**

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમઃ૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબના ગુનામાં દોષિત ઠરાવી આરોપીને રૂા.**૧૦૦/–**અંકે રૂપીયા એકસો નો દંડનો દંડ હુકમ કરવામાં આવે છે.

**૨**. જો આરોપી દંડ ની રકમ ભરવામાં કસુર કરે તો આરોપીને ૦૧ દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ અન્વયે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.

તા.૦૯/૧૨/૨૦૨૩.

(દેવાંગ ચંદ્રવદન રાવલ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ
કોર્ટ નંબર–૦૯.

**Unique Code No. GJO**1209.